રાજકોટ ખાતે મંદબુદ્ધિની બાળાઓ/ મહિલાઓ માટેની સરકારી સંસ્થામાંનીજગ્યાઓની મુદ્દત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-APG/10/2019/83421/CHH1
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૩/૨૦૨૩.

વંચાણે લીધા-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૪/૧૦/૨૦૧૯નો ઠરાવ.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા, ગાંધીનગરનો તા.૨૯/૦૧/૨૦૨૩નો પત્ર નં.DSD/0374/01/2023.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના વિભાગના તા.૧૪/૧૦/૨૦૧૯ના સરખા ક્રમાંકના ઠરાવથી સરકારી ધોરણે રાજકોટ ખાતે મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ માટે સંસ્થા શરૂ કરવા માટે રૂ.૧૮.૨૫ લાખની નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, જેમાં કુલ-૧૩ હંગામી જગ્યાઓ ઉભી કરાયેલ હતી. આ ૧૩ હંગામી જગ્યાઓની મુદ્ધત તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી વધારી આપવા બાબતની નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૨૯/૦૧/૨૦૨૩ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૨) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને રાજકોટ ખાતે મંદબુધ્ધિનીબાળાઓ/મહિલાઓ માટેનીસરકારી સંસ્થામાંની કુલ-૧૩ હંગામી જગ્યાઓની મુદ્દત તા.૦૧/૦૩/૨૦૨૩ થી તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની નીચેના કોષ્ઠકની વિગતે તથા નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

સમાજ સુરક્ષા ખાતા હેઠળની મંદબુધ્ધિની બાળાઓ/મહિલાઓ માટેની સંસ્થા ,રાજકોટની હંગામી જગ્યાઓની વિગત દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | હંગામી જગ્યાનો હોદ્દો | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલીજગ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | એક વર્ષથી નીચેની | એક વર્ષથી ત્રણ વર્ષ સુધીની | ત્રણ વર્ષથી ઉપરની |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | અધિક્ષક/ચીફ ઓફિસર | ૩ | ૧ | ૧ | - | - | - |
| ૨ | કેસવર્કર કમ પ્રોબેશન ઓફિસર | ૩ | ૧ | ૧ | - | - | - |
| ૩ | સીનીયર કલાર્ક | ૩ | ૧ | - | ૧ | - | - |
| ૪ | ગૃહમાતા | ૩ | ૧ | ૧ | - | - | - |
| ૫ | પટાવાળા | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૬ | રસોયા | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૭ | લેડી એટેન્ડન્ટ | ૪ | ૩ | ૩ | - | - | - |
| ૮ | સ્વીપર | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૯ | ચોકીદાર | ૪ | ૧ | ૧ | - | - | - |
| ૧૦ | પાર્ટ ટાઇમ | - | ૧ | ૧ | - | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વીઝીટીંગ મેડીકલ ઓફિસર | | | | | | |
| ૧૧ | પાર્ટ ટાઇમ મનોવૈજ્ઞાનિક /મનોચિકિત્સક | - | ૧ | ૧ | - | - | - |
| | કુલ | | ૧૩ | ૧૨ | ૧ | - | - |

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૨૩/૦૨/૨૦૨૩ની તથા અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૨૪/૦૨/૨૦૨૩ની નોંધથી ઓનલાઇન મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અ.મુ. સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, રાજકોટ ( મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:P M Gameti
Section Officer
Date: 2023.03.01
17:29:42 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign